## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે " પશુપાલન વ્યવસાયમાં ગુણવત્તા સભર દૂધ ઉત્પાદન અને વૈશ્વિક બજાર" અંગે એક-દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ , બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે તા.૨૦/૦૧/૨૦૧૮ શનિવારના રોજ પશુપાલન વ્યવસાય અંગે નવા ગામ તા. બાલાસિનોરની બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન ડૉ. બી. ડી. ભટ્ટ , નિવૃત્ત પ્રાધ્યાપક અને વડા , બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ. , આણંદ દ્વારા કરવામાં આવ્યુ. તેમણે તાલીમનું મહત્વ અને તેના દ્વારા થતા ફાયદાઓની જાણકારી આપી.

જેના પ્રાસંગીક ઉદ્બોધનમાં ડૉ. એમ. એમ. ત્રિવેદી, પ્રાધ્યાપક અને વડા, પશુ વિજ્ઞાન વિભાગ દ્વારા પશુપાલન વ્યવસાય વૈજ્ઞાનિક ઢબે કરવાના વિષય ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા ત્યારબાદ ડૉ. કે. એસ. જાદવ , પ્રાધ્યાપક અને વડા , કૃષિ અર્થશાસ્ત્ર દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠન WTO સેલ અંતર્ગત યોજવામાં આવતા વિવિધ તાલીમ કાર્યક્રમ અંગેની જાણકારી આપી , સાથોસાથ વિભાગની અન્ય વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓનું વર્ણન કર્યુ.

તાલીમમાં વેટરનરી કોલેજના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા પશુધનની ઉત્તમ જાતો , પશુધન માટે પોષણયુક્ત આહારની વ્યવસ્થા, પશુઓના મહત્વના રોગોના લક્ષણો તથા તેને અટકાવવાના ઉપાયો સાથે ગાય ભેંસમાં વેતરકાળ, કુત્રિમ બીજદાન અને ગર્ભાવસ્થાની તપાસ જેવા આનુસંગીક વિષયો આવરી લેવામાં આવ્યા હતા. થીયરી સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે હેતુથી પશુ સાંસોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ ખાતે આવેલ ગાયો-ભેંસોના તબેલાની મુલાકાત લીધી. અંતે તાલીમના સંચાલક ડૉ. એમ. એમ. ત્રિવેદી દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.





ડૉ. બી. ડી. ભટ્ટ, નિવૃત્ત પ્રાધ્યાપક અને વડા ડૉ. કે. એસ. જાદવ પ્રાધ્યાપક અને વડા તથા દ્વારા ઉદઘાટન અને પ્રાસંગિક ઉદબોધન





વિવિધ વ્યાખ્યાતાઓનું વક્તવ્ય